

# કપાસી (Black-winged Kite)



કેટલાંક પક્ષીઓ ગંધાતા અને કોહવાઈ ગયેલાં પશુઓના મૃતદેહોને ફાડી ખાઈને આપણને દુર્ગંધથી બચાવે છે. ગીધ અને સમડી આ કામમાં માહેર છે. આ બંને પક્ષીઓને માંસ ફાડી ખાવા માટે વળેલી તીક્ષ્ણ ચાંચ અને બળવાન નહોર હોય છે. માનવવસ્તીની નજીક રહેતી સામાન્ય સમડી સંપૂર્ણ શિકારી પક્ષી નથી, પરંતુ ગામના પાદરમાં અને સીમ-ખેતરમાં દેખાતી કપાસી સંપૂર્ણ શિકારી સમડી છે. તે મોટા ભાગે શિકાર કરીને જ પોતાના પેટનો ખાડો ભરે છે.

આ શિકારી પક્ષીને 'કપાસી' નામ કેમ મળ્યું હશે? કદાચ તેના સફેદ રૂ જેવા રંગને કારણે હશે!

કપાસીને અંગ્રેજીમાં 'Black-winged Kite' કહે છે. ગુજરાતીમાં 'કપાસી'નામે ઓળખાતું આ પંખી બહુ રૂપાળું અને અદ્ભુત છે. કપાસી કબૂતરના કદનું પંખી છે. તેની પાંખો લાંબી અને અણીદાર છે. પૂંછડી ટૂંકી અને ગોળ છે. તેના પેટનો ભાગ સફેદ છે. કપાળથી નીચેનો ભાગ આસમાની રંગનો છે. પાંખો કાળી છે. આમ તો તે સંપૂર્ણ કાળા રંગની નથી, ખભા પાસે જ વધુ ઘેરી કાળી લાગે. તેની સૌથી ખાસ વાત તેની લાલચટક આંખો છે, જેની ફરતે કાળી કિનારી હોય છે. તેની ચાંચ તીક્ષ્ણ, વળેલી અને કાળી હોય છે. જ્યારે પગ પીળા રંગના અને મજબૂત નહોરવાળા હોય છે.

**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

કપાસીની ઉડાન ધીમી છે. તે ધીમેધીમે પાંખો હલાવીને ઊડે છે. ગામ કે શહેરના છેવાડે વીજળીના તાર પર બેઠેલી કપાસી બહુ ઠસ્સાદાર લાગે છે. તાર પર કે ઊંચા ઝાડની ટોચે એ બેઠી હોય ત્યારે એકધારી અને ધીમેધીમે પૂંછડી ઊંચી-નીચી કર્યા કરે છે. તેની આ લાક્ષણિકતા જોવા જેવી છે. પૂંછડીના હલનચલન વખતે તેની નજર શિકારને શોધતી હોય છે. શિકારને શોધવા તે આગળ-પાછળ, આજુબાજુ અને ઉપર નીચે જોયા કરે છે. નીચે શિકારની હિલચાલ પર તેની વેધક નજર હોય છે. પાકી રીતે ટાર્ગેટ મળી ગયા પછી તે સીધી જ ત્રાટકે છે. ક્યારેક સીધા ત્રાટકવાનું મુનાસિબ ન લાગતાં ત્રાંસી સરકીને શિકારને પકડી પાડે છે. તેની આ ત્રાંસી ઉડાન ખરેખર અદ્ભુત હોય છે.

હેલિકોપ્ટર હવામાં થંભી જાય એને હોવરિંગ (Hovering) કહે છે. એમ આ પક્ષી હવામાં એક જ જગ્યાએ પાંખો ઝડપથી ફફડાવીને સ્થિર ઊભું રહી શકે છે. હવામાં સ્થિર રહીને તે નીચે જમીન પરના નાની હિલચાલ પર તીક્ષ્ણ નજર રાખે છે અને તક મળતા જ ડૂબકી (Dive) મારીને શિકારને ઝડપી લે છે.

કપાસી ખેતરના પાકોને નુકસાનકારક એવાં તીડ જેવાં જંતુઓનો સારી પેટે સફાયો કરીને પાકને બચાવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. તીડ ઉપરાંત તે વંદા, કાચંડા, ઉંદર વગેરેને ખાય છે.

તે ખુલ્લા મેદાનો, ખેતરો, રણપ્રદેશો અને વાડી વાળા વિસ્તારોમાં વધુ જોવા મળે છે. પૂર્વે કહ્યું તેમ વીજળીના તાર કે સૂકાં ઝાડની ટોચ પર બેસવું તેને ખૂબ ગમે છે.



**એમ આ પક્ષી હવામાં એક જ જગ્યાએ પાંખો ઝડપથી ફફડાવીને સ્થિર ઊભું રહી શકે છે, હવામાં સ્થિર રહીને તે નીચે જમીન પરના નાની હિલચાલ પર તીક્ષ્ણ નજર રાખે છે અને તક મળતા જ ડૂબકી (Dive) મારીને શિકારને ઝડપી લે છે**

કપાસી નાના ઝાડ પર સળીઓ અને ઘાસથી કાગડાના માળા જેવો સાદો માળો બનાવે છે. માદા સામાન્ય રીતે ૩ થી ૪ ઈંડાં મૂકે છે. ઈંડાનો રંગ મેલો ધોળો હોય છે. ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં નર અને માદા બંને સમાન ભાગીદારી નોંધાવે છે.

અન્ય સમડી કે બાજની સરખામણીએ કપાસી સામાન્ય રીતે અવાજ ઓછો કરે છે, પરંતુ સંવનન સમયગાળા દરમિયાન હળવી સીટી જેવો અવાજ કરે છે. તે પોતાના વિસ્તાર (Territory) પ્રત્યે ખૂબ જાગૃત હોય છે અને તેનાં હરિફ અન્ય મોટાં શિકારી પક્ષીઓને પણ પોતાના વિસ્તારમાંથી ભગાડી મૂકે છે.

કપાસી સમગ્ર ગુજરાતમાં વસે છે. આ ઉપરાંત આપણી સામાન્ય સમડી (Black kite) અને ભગવી સમડી (Brahminy Kite) પણ આપણાં કાયમી નિવાસી પંખીઓ છે. તો શિયાળુ સમડી (Black-eared Kite) આપણું મુલાકાતી પક્ષી છે અને Red Kite નામે ઓળખાતી પરદેશી સમડી પણ અહીં રેર કિસ્સામાં દેખાયેલ છે.

કપાસી, સમડી, બાજ, શકરા વગેરે પક્ષીઓ ઉંદર જેવાં ઉપદ્રવી પ્રાણીઓનો શિકાર કરીને કુદરતી સમતુલા જાળવવાનું મહત્ત્વનું કાર્ય કરે છે, તેથી આવાં શિકારી પક્ષીઓ પર્યાવરણની સમતુલા માટે મહત્ત્વની કડીરૂપ છે.

પક્ષીઓ થકી કેટલાંક જીવજંતુઓનું કુદરતી નિયંત્રણ થાય છે, તેથી પક્ષીઓ આપણાં મિત્રો છે. પક્ષીઓ પ્રકૃતિનું એક અભિન્ન અંગ છે. પક્ષીઓ થકી પ્રકૃતિ રૂડી લાગે છે.

અનુસંધાન પાના નં. 11નું

આવી ઘટનાઓની ખાસિયત એ છે કે પાણી સાથે ભારે ખડકો અને કાદવ પણ નીચે આવે છે. એટલે તેની વિનાશક શક્તિ સામાન્ય પૂર કરતાં અનેકગણી વધારે હોઈ શકે. હિમાલય વિશ્વની સૌથી યુવાન અને ભૂગર્ભીય રીતે સક્રિય પર્વતમાળાઓમાંની એક છે. ભારતીય પ્લેટ હજુ પણ યુરેશિયન પ્લેટ તરફ ધકેલાઈ રહી છે. પરિણામે પર્વતોમાં સતત ભૂગર્ભીય દબાણ અને પરિવર્તન ચાલે છે. તેમાં હવે Climate Changeનું પરિબળ પણ ઉમેરાયું છે. વધતું તાપમાન ગ્લેશિયરો અને પર્માફ્રોસ્ટ પર અસર કરે છે. પર્માફ્રોસ્ટ એટલે લાંબા સમયથી જામી રહેલી માટી અને ખડકોની એવી સ્થિતિ, જેમાં બરફ કુદરતી રીતે તેમને સ્થિર રાખવામાં મદદ કરે છે. જ્યારે તાપમાન વધે છે અને બરફ પીગળે છે ત્યારે કેટલાક પર્વતીય ઢોળાવની સ્થિરતા ઘટી શકે છે. પરિણામ? Rockfall, Avalanche, Landslide, Glacial Lake Outburst, Flash Flood, Debris Flow. અને આ તમામ પ્રક્રિયાઓ એકબીજાને વધુ વિનાશક બનાવી શકે છે. આ ઘટના Disaster Managementના વિદ્યાર્થીઓ માટે પણ એક જીવંત પાઠ છે. આપત્તિ વ્યવસ્થાપનમાં ઘણી વખત ચાર બાબતો જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત બની જાય છેઃ દવાડીએ કોઈ સરકારી સાયરનની રાહ જોઈ નહીં. તેમણે પૂર આંખે દેખાય ત્યાં સુધી રાહ જોઈ નહીં. તેમણે "શાળા તો 60 મીટર ઊંચે છે" એવી સુરક્ષાની ખોટી લાગણીને પકડી રાખી નહીં. એક ફોન આવ્યો. એક વાલી ચેતવણી આપવા આવ્યો. અને દવાડીએ જોખમને ઓળખી લીધું. પછી માત્ર એક જ નિર્ણય "બધા બાળકોને બહાર કાઢો." આ નિર્ણયની કિંમત કદાચ તે સમયે તેમને ખબર નહોતી. પરંતુ થોડી જ મિનિટોમાં તેની કિંમત સ્પષ્ટ થઈ ગઈ. એક શાળા નાશ પામી. પરંતુ 1643 જિંદગીઓ બચી ગઈ.

## ભારતની એકમાત્ર નદી, જે ઊંધી દિશામાં વહે છે! ગુજરાતમાંથી નીકળીને દેશને બે ભાગમાં વહેંચે છે,

ભારતમાં નદીઓનું મહત્વ માત્ર પાણીના સંસાધન તરીકે મર્યાદિત નથી. દેશની ખેતી, પીવાનું પાણી, વીજળી ઉત્પાદન અને અનેક શહેરોની દૈનિક જરૂરિયાતો નદીઓ પર જ નિર્ભર છે. આ જ કારણ છે કે ભારતમાં નદીઓને જીવાદોરી માનવામાં આવે છે. સામાન્ય રીતે ભારતની મોટાભાગની મોટી નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે અને બંગાળની ખાડીમાં જઈને મળે છે. પરંતુ દેશમાં એક એવી મુખ્ય નદી પણ છે, જે તેનાથી ઊંધી દિશામાં એટલે કે, પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. આ નદી બીજી કોઈ નહીં, આપણા ગુજરાતની જીવાદોરી નર્મદા છે. પોતાના અલગ પ્રવાહને કારણે નર્મદા ભારતની સૌથી અનોખી નદીઓમાં ગણાય છે. પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે નર્મદા - નર્મદા નદીનું ઉદ્ભવ મધ્ય પ્રદેશના અમરકંટક વિસ્તારમાંથી માનવામાં આવે છે. અહીંથી નીકળીને આ નદી પશ્ચિમ દિશામાં લાંબી યાત્રા કરે છે. રસ્તામાં તે મધ્ય પ્રદેશ અને ગુજરાતના અનેક વિસ્તારોમાંથી પસાર થાય છે અને અંતે અરબી સમુદ્રના ખંભાતના અખાતમાં જઈને મળે છે. ભારતની પ્રમુખ



નદીઓની સરખામણીએ નર્મદાનો પ્રવાહ એટલા માટે અલગ છે, કારણ કે તે પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. જોકે, એવું કહેવું યોગ્ય નથી કે ભારતની બાકીની તમામ નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ જ વહે છે, કારણ કે દેશમાં અન્ય કેટલીક નદીઓ પણ પશ્ચિમ તરફ વહે છે. તેમ છતાં, નર્મદા પોતાની લાંબી પશ્ચિમમુખી ધારા અને ભૌગોલિક સ્થિતિને કારણે ખૂબ જ ખાસ માનવામાં આવે છે.